| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૮/03/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૪૯૮/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/03/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૧ | ૦ | ૧૩૧ | ૪૦૯ | ૦ | ૪૦૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૮૪ | ૦ | ૧૦૦૬૮૪ | ૧૦૯૫૮૭ | ૦ | ૧૦૯૫૮૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦ | ૩,૧૪,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૧ | ૨૧,૦૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## શાહપુર પોલીસ સ્ટેશન :

## અમદાવાદ શહેરમાં પીવાના પાણીના પ્રેશર માપવા લગાવેલ મીટરની બેટરીઓની ચોરી કરતા ચોર ઈસમને પકડી પાડતી શાહપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ ટીમ

માનનીય પોલીસ કમિશ્નર સા. શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તથા શરીર અને મિલકત સબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુનાઓ શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે સિનિયર તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર શાહપુર પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. શ્રી એસ.આર.બલાત સર્વેલન્સ સ્કોર્ડ ટીમ સાથે હોળી ધુળેટીનો તહેવાર અનુસંધાને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હાજી બીલ્ડીંગ પાસે આવતા સર્વેલન્સ પો.સ.ઇ. તથા સાથેના અ.હે.કો. નૌશાદઅલી ઉસ્માનમીયા નાઓને ખાનગી બાતમી હકીકત મળેલ કે, અમદાવાદ કોર્પોરેશન દ્વારા પાણીના પ્રેશર માપવા માટે શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં લગાડેલ મીટરોની પાવર બેકીગની બેટરીઓની ચોરી કરનાર ઈસમ હીરો સ્પ્લેન્ડર મોટર સાઈકલમાં બેટરીઓ લઈ વેચાણ સારૂ હલીમની ખડકી રોડ ભાવસાર ચોક બાજુ આવનાર છે. જે ચોક્કસ બાતમી હકીકત મળતા સ્ટાફના માણસો સાથે વોચમાં હતા દરમ્યાનન હલીમની ખડકી ભાવસાર ચોક પાસે સ્પ્લેન્ડર મો.સા. ઉપર થેલા બેટરીઓ સાથે શકદાર/આરોપી રિધમ સ/ઓ દશરથભાઈ મંગળદાસ પટેલ ઉં.વ.૨૪ ધંધો-નોકરી રહે-મ.નં.૪૪, શુભ લક્ષ્મી સોસાયટી, જગતપુર, ચાંદખેડા, અમદાવાદ શહેર તથા મુળ રહે.ગામ.પાનસર, તા.કલોલ, જીલ્લો.ગાંધીનગરનાનો પકડાઈ ગયેલ. જેની પાસેથી મળી આવેલ બેટરીઓની ખરાઈ કરતા શાહપુર પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૩૨૨૦૨૦૯/૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે ચોરાયેલાની હકીકત જાણવા મળેલ જે ચોર ઇસમની તપાસ દરમ્યાન વધુ પુછપરછ કરતા શાહપુર, સરસપુર, અમરાઈવાડી, શાહીબાગ, દરીયાપુર વિગેરે અલગ-અલગ વિસ્તારમાંથી ચોરી કરેલ ૨૯ બેટરીઓ જેની આશરે કિં.રૂ. ૨૯,૦૦૦/- ગણી શકાય તે રિકવર કરવામાં આવેલ તેમજ આ સિવાય વધુ ચોરીઓનો ભેદ ઉકેલી શકાય તે સારૂ આરોપીના નામદાર કોર્ટમાંથી પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવી વધુ તપાસ હાલમાં ચાલુ છે. આમ બેટરી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી મુદ્દામાલ રિકવર કરી શાહપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડની ટીમે પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૧૮/૦૩/૨૦૨૨

**કામગીરી કરનાર ટીમ** :-

(૧) શ્રી આર.એચ.વાળા સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, શાહપુર પો.સ્ટે. માર્ગદર્શન અને સુચના
(૨) શ્રી પી.જે.ચુડાસમા સેકન્ડ પોલીસ ઇન્સ્પેકટર, શાહપુર પો.સ્ટે. માર્ગદર્શન અને સુચના
(૩) પો.સ.ઈ. એસ.આર.બલાત (૪) મ.સ.ઈ. રણજીતસિંહ તખતસિંહ (૫) મ.સ.ઈ. ઈસ્માઈલભાઈ ઈકબાલભાઈ (૬) અ.હે.કો. નૌશાદઅલી ઉસ્માનમીયા (૭) પો.કો.જયેશકુમાર જયરામભાઈ (૮) પો.કો. યુનુસખાન મુનાવરખાન (૯) પો.કો. કિરણસિંહ પ્રવીણસિંહ (૧૦) પો.કો. પ્રવીણસિંહ દેવેંદ્રસિંહ (૧૧) કૃષ્ણસિંહ ભરતસિંહ (૧૨) પો.કો. પ્રીયવદન મનુભાઈ (૧૩) લોકરક્ષક વનરાજ ભરતભાઈ (૧૪) પો.કો. ગીરીશકુમાર પુંજાલાલ (૧૫) પો.કો. જીગ્નેશ ભવાનભાઈ



## આરોપીએ ચોરીની કબુલાત કરેલ જુદી-જુદી જગ્યાઓ

શાહપુર વિસ્તારમાંથી ૦૬ બેટરીની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.
આજથી દશેક દિવસ પહેલા સરસપુર શહેરકોટડા વિસ્તારમાંથી ૦૬ બેટરીની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.
આજથી દશ-બાર દિવસ પહેલા અમરાઈવાડી બ્રીજ પાસેના વિસ્તારમાંથી ૦૪ બેટરીની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.
આજથી પચીસેક દિવસ પહેલા શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગીરધરનગર તથા અસારવા વિસ્તારમાંથી ૦૭ બેટરીની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.
આજથી દોઢેક મહીના પહેલા દરીયાપુર વિસ્તારમાંથી ૦૬ બેટરીની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

# <u>પાસા અટકાયતની વિગત</u>

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

## <u>પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ખુબ જ મોટા જથ્થામાં ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણના ગુનામાં પકડાયેલ આરોપી નામે હરીશ ઉર્ફે ડેની સન/ઓફ રમેશભાઈ જાતે પ્રજાપતિ ઉ.વ.૨૬ રહે. તેજાજી કાળુજીની ચાલી, ધીવાળી ચાલીની સામે, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના ઈ-ગુજકોપ સોફ્ટ્વેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૦૭૫/૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબનો ગુનો નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૬૫/૨૦૨૨ તા.૧૭/૦૩/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૧૭/૦૩/૨૦૨૨ ના કલાક ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૧૭/૦૩/૨૦૨૨

## <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

(૧) પો.સ.ઈ વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



**નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૯૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૪ કેસ કરી, ૮૧ વ્યક્તિઓને ઝડપી, ૨૪૬ લીટર દેશી દારૂ, ૧૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૮ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૦૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૦૧/૨૦૨૨**

**સેટેલાઇટઃ** શમિક રમેશચંદ્ર ત્રિવેદી (ઉ.વ.૫૧) (રહે. સાંપ્રત રેસિડન્સિ, પરિવાર સોસાયટી સામે,સત્યાગ્રહ છાવણી પાસે સેટેલાઇટ) એ તા.૧૭/૦૩/૨૦૨૨ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૨૨/૦૨/૨૨ સાંજનાં ૮/૧૮ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૯૩૪૭૩૫૦૦૯ ના ધારકે કેવાયસી અપડેટ કરવાની લીંક મોકલતા શમિક ત્રિવેદી લીંકમાં આપેલ ફોર્મ ભરતા હતા ત્યારે મોબાઈલ નંબર ૭૦૦૩૬૨૦૬૫૬ ના ધારકે ફોન કરી બેન્ક કર્મચારી તરીકે ઓળખ આપી કેવાયસી અપડેટ કરી આપવાનુ કહી બેન્કની માહિતી મેળવી લઈ ઓનલાઇન ટ્રાન્જેકશનથી શમિક ત્રિવેદીના ખાતાઓમાંથી કુલ રૂપિયા ૧,૯૪,૭૭૦/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.બી.મહેતા ચલાવે છે.

**ચાંદખેડાઃ** રોહીત દેવીલાલ શર્મા (ઉ.વ.૩૫) (રહે. પવિત્ર એંકલવ માનસરોવર રોડ ચાદખેડા) એ તા.૧૭/૦૩/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૦૭/૦૩/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે એક્સીસ બેંકમા પોતાના ખાતામાંથી અજાણી વ્યક્તિએ રૂપિયા ૫૪,૭૬૨/- ડેબીટ કરી ઓનલાઈન વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એમ.દેસાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.